નમસ્કાર ગાંધીનગર

પમરાટ

શબ્દની પાર સદગુરૂનું રૂપ છે,
ચર્મ ચક્ષુ હોય તેને કેમ સુઝે ?
જીવપણે પદ તે કોઈને જડે નહીં,
અનુભવી હોય તે આપ બુઝે ?

- ભોજા ભગત

પાથેય

- રમેશ ઠક્કર

શબ્દોની છટા...

'ઝીણા મોર બોલે છે હો..લીલીના ઘરમાં..' અમારી ગામઠી શાળાના પ્રાંગણમાં જોશભેર આ ગીત ગવાતું ત્યારે મારા બાળમાનસને કાયમ પ્રશ્ન થતો..કે મોર ફક્ત લીલીના ઘરમાં જ શું કામ બોલે? પણ મારા એ વખતના શિક્ષકો મારા આ કુતૂહલને સમજવા અસમર્થ હતા..!

પછી મેં જાતે જ શોધી કાઢ્યું કે સાચો શબ્દ 'લીલી નાઘેર' છે..જે સૌરાષ્ટ્રનો તળપદો શબ્દ છે...લીલી નાઘેર એટલે ઘટાટોપ લીલું જંગલ..! પરંતુ લયની લીલા ઘણી વખત શબ્દોને ભુલાવી નાખે છે..બોલચાલની ભાષા અને સ્થાનિક લઢણનું પણ આગવું સૌંદર્ય હોય છે..

ઘણીવાર શબ્દો પણ માણસની જેમ છેતરામણા હોય છે..જેમકે હિન્દી શબ્દ અકલમંદ..પ્રથમ નજરે એવું લાગે કે અકલમંદ એટલે બુધ્ધિવગરનું પણ હકિકત માં એ બુધ્ધિવાન માટે વપરાય છે..! આવું જ સંદિગ્ધ અને અસંદિગ્ધ માટે છે...સંદિગ્ધ એટલે ષ્ટફ્ીફ્રિઅને અસંદિગ્ધ એટલે અસ્પષ્ટ..એવું પ્રથમ નજરે લાગે પણ છે એથી ઉંધું!

ચંદ્રકાન્ત બક્ષી શબ્દની વ્યુત્પતિને..શબ્દના ગોત્રને બખૂબી બહેલાવતા..એમને મૂર્ધન્ય સાહિત્યકારમાં મૂર્ધન્ય એટલે શું ? એનું કુતૂહલ રહેતું..! આપણા એક વિખ્યાત હાસ્યલેખકનો પરિચય આપતાં એક ઉત્સાહી સંચાલકે કહ્યું કે હવે.તેઓશ્રી આપણને એક હાસ્યાસ્પદ પ્રવચન આપશે...! એમનો કહેવાનો મતલબ હાસ્યસભર પ્રવચન આપશે એમ હતો...પણ શબ્દની ગુગલી ઘણીવાર માણસને બોલ્ડ કરી નાખે છે..!

પ્રદેશ સંસ્કૃતિ અનુસાર શબ્દો અને એની અર્થચ્છાયાઓ બદલાય છે..બોલચાલની ભાષા અને લખાણની ભાષામાં પણ ભેદ હોય છે... નોન ગુજરાતી એવા એક ઉચ્ચ અધિકારી મને હંમેશાં પુછતા કે 'લોચો' એટલે શું ? મેં કીધું લોચાના ઘણા અર્થ હશે પણ વહીવટમાં લોચો એટલે મુર્ખામીભરી ભુલ..! એમ તો સુરતમાં લોચો એ નામની વાનગી પણ છે..!

વાલ એટલે વ્હાલ પણ થાય અને વાલ નામનું કઠોળ પણ થાય ! શબ્દની આવી ઘણી લીલા છે..તત્સમ શબ્દો..તદભવ શબ્દો..તળપદા શબ્દો...પરભાષામાંથી આવીને પોતીકા થઇ ગયેલા શબ્દો..અવનવું વિશ્વ છે....નવા નવા લેખક તરીકે ઉમળકામાં મેં એક લબ્ધપ્રતિષ્ઠિત લેખકની પ્રશંસા કરી નાખેલી...સાહેબ આપની ભાષા જુગુપ્સાપ્રેરક છે..! એમણે ઠાવકાઇથી મને કહેલું 'દિકરા શબ્દકોશ પણ જોવાનું રાખ..'ત્યારથી શબ્દ એ નવીનક્કોર બ્લેડ છે એમ માની સાચવીને એને પ્રયોજવાનું શીખી લીધું છે...!!

ભારતની મધ્યસ્થા ઈચ્છતું રશિયા

તંત્રીસ્થાનેથી...

દુનિયાથી અલગ પડી ગયેલ રશિયા હવે યુક્રેન સામેના યુદ્ધને જેમ બને એમ જલદી સમાપ્ત કરવા માગે છે. ધાર્યું હોય તો રશિયાએ પરમાણું બોમ્બ ઝીંકીને યુક્રેનની રાજધાની કીવને ખંડેરમાં ફેરવી દીધી હોત. પરંતુ વિશ્વયુદ્ધનાં માઠાં પરિણામોથી એ વાકેફ છે. પુતિન માટે યુક્રેન રશિયાને અનુકૂળ વિદેશનીતિ અપનાવે તે પ્રતિષ્ઠાનો પ્રશ્ન બની ગયો છે. સામે યુક્રેનના યુવાન અને જાંબાઝ રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કી ખુવાર થયા છતાં ઝૂકવા તૈયાર નથી. એમણે નાગરિકોના હાથમાં બંદૂક પકડાવી દીધી છે અને રાષ્ટ્રવાદ એવો ચરમસીમાએ ભડકાવ્યો છે કે અમેરિકા અને યુરોપિયન દેશો ફક્ત શસ્ત્ર સહાય આપીને વેગળા રહ્યા હોવા છતાં તે રશિયાની તોતિંગ તાકાત સામે પૂરી તાકાત લડાવી રહ્યા છે. રશિયાની સેનાએ ભારે ખુવારી વહોરી છે એટલું જ નહીં, રશિયન નાગરિકોને આ યુદ્ધખોર માનસ પસંદ નથી. પુતિને સર્વાધિકાર હસ્તગત કરી લીધા હોઈ યુદ્ધ સવા મહિના સુધી ધીમી ગતિએ ચાલતું રહ્યું છે. યુક્રેનના સૈન્ય શક્તિને ખતમ કરવામાં રશિયાની પ્રચંડ સેનાને ધારી સફળથા સાંપડી નથી. નાગરિકો અને બાળકોનો ભોગ લઈ રહેલી રશિયન સેના થાકીને કીવ છોડ અન્ય વિસ્તારો પર ધ્યાન કેન્દ્રીત કરી રહી છે. છેલ્લે છેલ્લે તો 'જબ કુત્તે પે સસ્સા આયા' જેવો તાલ જોવા મળ્યો છે. સતત માર ખાઈ ખોખરું બની ગયેલું યુક્રેન રશિયાની હદમાં ઘૂસી ઓઈલડેપો સળગાવી શક્યું છે. યુક્રેનના રાષ્ટ્રપતિને એટલી તો સમજણ છે જ કે આ બે અસમાન શક્તિઓ વચ્ચેનું યુદ્ધ છે. રશિયાનું સૈન્યગણિત ખોટું ઠર્યું છે. ગણતરીના કલાકોમાં જ કીવ કબજે કરી લઈ વિજયની ઘોષણા કરવા માગતા અને પોતાની શરતોને યુક્રેનને 'સ્વાયત્ત' દેશ તરીકે માન્યતા આપવા ઈચ્છતા પુતિન આખી દુનિયાની નજરે એક યુદ્ધખોર, ક્રૂર, અમાનુષી સરમુખત્યાર સાબિત થયા છે. અમેરિકા સહિત અનેક દેશોએ રશિયા પર આર્થિક પ્રતિબંધો લાદી એના અર્થતંત્રને ભારે હાનિ પહોંચાડી છે. રશિયા સાથે ચીન ભળેલું અને મળેલું હોવા છતાં એ રશિયન અર્થતંત્રને મદદરુપ થવામાં વામણું સાબિત થયું છે. પુતિનની મજબૂરી તો જુઓ ! એમણે સામે ચાલીને રશિયાના વિદેશમંત્રીને ભારત મોકલી ભારતે અમેરિકાના વલણને આપેલા ઠંડા પ્રતિભાવ બદલ વડાપ્રધાન મોદીનો આભાર માનવો પડ્યો છે. એટલું ઓછુંહોય એમ ભારત મધ્યસ્થી કરે એવી ઈચ્છા પણ દર્શાવવી પડી છે. રશિયાના વિદેશમંત્રી કહે છે કે દુનિયા જેને 'યુદ્ધ' માની રહી છે તે યુદ્ધ નથી, ફક્ત 'ઓપરેશન' છે. યુક્રેનની સૈન્ય તાકાત તોડી નાખવા એને સખણું રહેવાનો મેસેજ આપવા માટે જ રશિયાએ આટલી મોટી ખુવારી વહોરવી પડે છે તે કેવું ! પણ હવે સાપે છછુંદર ગળી લીધું છે એટલે આ પાર કે પેરે પાર કરી દીધા વગર છૂટકો નથી. ભારત જેવો તટસ્થ દેશ કે જે અમેરિકા સાથે મીઠા સંબંધો ધરાવતો હોવા છતાં સુરક્ષા પરિષદમાં રશિયા વિરુદ્ધ વોટિંગ કરવાથી દૂર રહી શક્યો એની પુતિનને કદર કરી છે. અમેરિકાએ રશિયા પણ લાદેલા નિયંત્રણો પણ ભારતે માન્ય કરેલ નથી. એથી અમેરિકન રાષ્ટ્રપતિ અકળાયા છે અને ભારતીય મૂળના જ નાયબ નેશનલ સિક્યુરિટી એડવાઈઝર દિલીપસિંહને ભારત મોકલી રીતસર ધમકીની ભાષામાં માઠા પરિણામો ભોગવવાની તૈયારી રાખજો એવું નિવેદન કરાવ્યું છે. યુનોમાં ભારતનું પ્રતિનિધિત્વ કરતા અકબરુદ્દીન એનો જડબાતોડ જવાબ આપ્યો છે. મુસ્લિમોને સાઈડલાઈન કરતી રહેલી ભારતીય જનતા પાર્ટીએ એમને સલામ કરવી જોઈએ. ભારત રશિયા-યુક્રેન વચ્ચે સમાધાન કરાવવા પ્રયાસ કરે એવું ખુદ અમેરિકા નહીં ઈચ્છે. ચીનને પણ ભારતને આવી ભૂમિકામાં જોવું નહીં ગમે. એ પોતે જરૂર એવી ભૂમિકા ભજવી વિશ્વની મહાસત્તા તરીકે છાતી ફુલાવી ફરવાનું પસંદ કરશે. યુદ્ધ અટકાવવા માટે અગાઉ યુક્રેનના રાષ્ટ્રપતિએ મોદીને વારંવાર વિનંતી કરી મધ્યસ્થતા કરવા કહ્યું હતું. હવે પુતિને સંદેશો મોકલ્યો છે. રશિયાએ ડૉલર વ્યવહાર બંધ કરી પોતાને ત્યાંથી રૂબલમાં ખરીદી કરવાનો વિદેશોને આદેશ કર્યો છે જે અમેરિકાનું હળાહળ અપમાન છે. ભારત જેવા દેશને રશિયા જૂના ભાવે, સસ્તી કિંમતે તેલ વેચવા તૈયાર થયું છે અને કરાર મુજબ અદ્યતન શસ્ત્રસામગ્રી પણ આપવા સંમત છે. યુક્રેનની ઝનૂની સેનાએ પહેલી જ વાર બે હેલિકોપ્ટરો મારફત રશિયન સીમામાં ઘૂસી ઓઈલ ડેપો પર હુમલા કરી સમાધાનની શક્યતાઓ નબળી પાડી દીધી છે. ભારત ડિપ્લોમસીથી સમસ્યાઓ હલ કરવામાં માને છે, એ બેઉ પક્ષો સમજે છે.

દિન મહિમા

● છત્રપતિ શિવાજી પુણ્યતિથિ.

આજનું ઔષધ

● તુલસીના પાન ચાવવાથી અને તુલસીના પાનના ઉકાળાના કોગળા કરવાથી દાંત અને પેઢા મજબુત થાય છે.

ખડખડાટ

● દુનિયાનું સૌથી મોટું અને મુશ્કિલ કામ પાણીની બોટલ ભરીને ફ્રિજમાં મૂકવી.

આજનો વોટ્સએપ

● શાંતિ અને સંતોષ જ પૂર્ણવિરામ છે તે સિવાયના બધા જ સુખ માત્ર અલ્પવિરામ છે.

અંગ્રેજીને આવકારીએ પણ માતૃભાષાને ભૂલીએ નહીં !

એક સમયે જિલ્લા પંચાયત, શિક્ષણ સમિતિના ચેરમેને ગામની પ્રાથમિક સ્કૂલની મુલાકાત લીધી. ચેરમેન ખાસ ભણેલા નહીં... તેમણે વર્ગખંડમાં વિદ્યાર્થીઓને સવાલ પૂછ્યો: 'બોલો છોકરાંઓ રાવણને કોણે માર્યો'તો? 'કોઈ કારણોસર સામે જવાબ ન મળ્યો.ચેરમેન શિક્ષકો પર ગુસ્સે થયા.તો નવા નોકરીએ લાગેલા શિક્ષકે બચાવ કર્યો: 'આ કોર્ષ બહારનો સવાલ છે!'વળી ચેરમેન તાડૂકી ઉઠ્યા: 'હોતા હસે...ઈ હંધુય બાર્ય નંય અંદર જ હોય..!' તેમાં વળી રસ્તે નીકળેલા સરપંચ સ્કૂલમાં આવ્યા. તેમને ફરિયાદ કરી: 'આ તમારા છોકરાઓને,રાવણને કોણે માર્યો એટલીય ખબર્ય નથી !' ત્યાં સરપંચ તરત જ બોલી ગયા :'અમારા ગામના છોકરાવ કોઈને મારે એવા નથી હો !' પછીતો ચેરમેન કાળઝાળ થતા સીધા જ પહોંચ્યા, જિલ્લાની ઓફિસે. વડા અધિકારીને કહ્યું: 'અમારા ગામનું સિસણ (શિક્ષણ) હાવ બગડી ગ્યું છે !'

વડા અધિકારીને થયું, સિંચણ (કૂવામાંથી પાણી ખેંચવાનું દોરડું) બગડી ગયું હોયતો ગામ લોકો પાણી વગર તરસે ઝૂરતા હશે...તેઓને ખરીદી કરવાનું બહાનું મળી ગયું,આદેશ કર્યો : એક ગામ નહીં જ પણ તાલુકાના તમામ ગામો માટે સિંચણની તત્કાલ ખરીદી કરી, આ ચેરમેનશ્રીના હાથે વિતરણ કરાવો !

આ કિસ્સાનો ઉલ્લેખ કરવાનું એટલે સૂઝી આવ્યું છે કે,આજકાલ પહેલા ધોરણથી વિદ્યાર્થીઓને અંગ્રેજી ભાષાનું શિક્ષણ આપવામાં આવશે...આ મુદ્દો ભારે ચર્ચામાં છે. વ્યક્તિઓ,વિવિધ સમૂહો અને મીડિયા ઓએ આ મુદ્દાને પોતપોતાની સમજ કે પોતીકી રીત-રસમ મુજબ પ્રજા સમક્ષ મૂક્યો છે. સૌ પ્રથમ એ સ્પષ્ટ કરી લઈએ, અંગ્રેજી ભાષાનું શિક્ષણ ગુજરાતના વિદ્યાર્થીઓને મળવું જ જોઈએ.એ સમયની માંગ છે.પણ આ અંગ્રેજી શિક્ષણ ક્યા ધોરણથી અને કેવા રીતે મળવું, આપવું જોઈએ...આ અંગેની વિશદ, સ્વસ્થ ચર્ચા થાય અને તેની જાણકારી વાલી-સમાજને મળવી જોઈએ. જરૂર જણાયે શિક્ષિત વાલીઓએ પણ આ અંગેના પોતાના મંતવ્યો આપવા જોઈએ. પણ જે થાય તે... એવું સમજી સૌ મૌન રહે છે. જે જરાય યોગ્ય નથી.

પહેલા ધોરણથી વિદ્યાર્થીઓને અંગ્રેજીનું શિક્ષણ આપવામાં આવશે...આ જાહેરાત સાથે, એક પ્રચાર થવા લાગ્યો છે કે,આ કાર્ય નવી શિક્ષણ નીતિ અનુસાર થઈ રહ્યું છે.પણ નવી શિક્ષણ નીતિમાં પ્રાદેશિક ભાષા(બોલી)પ્રાધાન્ય આપવાની ભલામણ છે.તેમાં ધોરણ એકથી પાંચ સુધી પ્રાદેશિક ભાષામાં શિક્ષણ આપવા પર ભાર મૂકવામાં આવ્યો છે. આમ બંને બાબતો એક થવાના બદલે અલગ પડે છે.

પણ એક જાણકારી મુજબ,ધોરણ પહેલા અને બીજામાં અંગ્રેજી વિષય દાખલ કર્યો... તે ભણાવવાના અને પરીક્ષા લેવાનાં સંદર્ભમાં નથી. આ પ્રારંભિક કક્ષામાં વિદ્યાર્થીઓ ચલણમાં હોય એવા અંગ્રેજી શબ્દોથી પરિચિત થાય. તેમની રૂચી કેળવાઈ... આગળ જતા અંગ્રેજી ભાષા સારી પેઠે ભણી, શીખી શકે. દા.ત. ટેબલ, ખુરશી, બોક્ષ, વગેરે. આ અંગ્રેજી અભ્યાસ માટેનું સાહિત્ય પણ કોઈ સંસ્થાએ લગભગ તૈયાર કરી લીધું છે.

વરસો પહેલા ધોરણ છ અને સાતમાં સંસ્કૃત વિષય દાખલ કરવામાં આવ્યો. ત્યારે પણ આવો જ ઉદ્દેશ્ય હતો : સંસ્કૃત ભાષા વિશે વિદ્યાર્થીઓ પરિચય મેળવે, કેળવે... પણ આજે સ્થિતિ સાવ જુદી છે. જે દાખલ કરવામાં આવે તેનો હેતુ સારો જ હોય...પણ ખાટલે મોટી ખોટ, અસરકારક અમલની.અમલ કરનાર અને કરાવનારને મૂળ હેતુ સમજાય, એ મુજબ કામ થાયતો પરિણામ સારુંને ન્યારું આવે તેમાં કોઈ શંકા નથી. કોઈ ધોરણથી વિજ્ઞાન,ગણિત જેવા વિષયો અંગ્રેજી ભાષામાં અથવાતો ગુજરાતી સાથે અંગ્રેજી ભાષા પણ મૂકવામાં આવશે...આવું પણ ચર્ચાઈ રહ્યું છે અથવાતો વાંચવામાં આવ્યું છે. આ અંગે વરસો પહેલા ઘણાં પ્રયત્નો થયા હતા. પણ કોઈ કારણોસર અમલ થઈ શક્યો નહોતો. હવે થાય તો નવાઈ નહીં.

આ બધું જ સારું, સાચું છે... સમય સાથે વાલીઓની માંગ મુજબ સ્વીકારવું રહ્યું. અંગ્રેજીનું શિક્ષણ આપો, આપવું જોઈએ...પણ જ્યાં સુધી વિદ્યાર્થીઓને વર્ગખંડમાં માતૃભાષાનું ઉચિત ને સઘન શિક્ષણ આપવામાં નહીં આવે ત્યાં સુધી અન્ય ભાષાના અખતરા, ખતરા સાબિત ન થાય તે જોવું, વિચારવું રહ્યું !

છેલ્લે :

પહેલા સ્કૂલમાં ઉદ્યોગ હતો પણ ઉદ્યોગમાં સ્કૂલ નહોતી !

(વોટ્સએપ મેસેજ)

ગધેડાઓની વસ્તી ઘટી રહી છે... શું કરીશું ???

દરેક શહેરમાં હોય છે એવો જ એ બાંકડો છે. બાંકડો એટલે બાંકડો એ ફાંકડો ના હોય, અને હોય તો એને એનો ફાંકો ના હોય ! આમ તો લાકડાનો બાંકડો હોય તો એનું વાન રેલ્વેની ફિશપ્લેટ જેવું હોય જેના પરથી ગપ્પા, સીરીયસ, અફવા, ફેકન્યુઝ જેવી અનેક ગાડીઓ દોંડ્યા કરે ... વચ્ચે બે ત્રણ ઑથેન્ટીક ખીલા હોય જે આ બધાને જોડી રાખે... ક્યારેક ગામડામાં પણ 'વિકાસ'ના ભાગરુપે આવા બાંકડા બનતા હોય છે પણ આપણે આ બાંકડાને હાલ પુરતો શહેરનો રાખવો છે. આ બાંકડાને ગાંધીનગરનો બાંકડો રાખવાની ઈચ્છા થઈ આવે છે કારણ કે આ બાંકડા પરની વાતો ગાંધીનગરના બાંકડા પર થઈ શકે એવી જણાય છે. દા.ત. એક સજ્જને ઉનાળું બગાસું ખાતાં કહ્યું, 'સાલું ! હવે ઑફિસમાં ઉંધું ઘાલીને કામ કરનારાઓની સંખ્યા ઘટતી જાય છે' હવે, આ વાત ગાંધીનગરની સંવેદનશીલ હવામાં ફેલાણી એની બીજી જ સવારે છાપામાં સમાચાર આવ્યા કે 'ગધેડાઓની સંખ્યા ઘટી રહી છે.. !'

ગધેડાઓની સંખ્યા ઘટવાના સમાચારો માણસો જ ફેલાવી શકે, ગધેડાઓને આવી કંઇ પડી જ નથી હોતી... અમારા વિનુકાકા મને કહેતા હતા, 'યા'ર ! ગધેડા કંઇ એમ એમ થવાય છે !' બાંકડા પર બેઠેલા ઉંધું ઘાલીને વાતો કરનારા સાહેબો કાલે આવીને પાછું ગધેડા-પુરાણ ચલાવશે. કારણ મનુષ્ય ખુબ સંવેદનશીલ અને પ્રાણીમાત્ર પર દયા રાખનારું પ્રાણી છે.

અમને એક નાનો પ્રસંગ યાદ આવે છે. ત્યારે, અમે વડોદરાના કલેક્ટર હતા. અને કોઈ સરકારી અમલદાર વિરુધ્ધ કેટલાક લોકો આંદોલન ચલાવી રહ્યા હતા. એમાં એકાદ જણ 'આંદોલનજીવી' ટાઈપ હતો. એના જુના, જાડા અને ખખડધજ ચશ્મા નીચે સંતાઈને ડાફોળિયા મારતી આંખો ગમે ત્યાંથી કારણ શોધી કાઢતી અને એ આંદોલન કરી શકતો. દરેક પોદળાના નસીબમાં એને વળગનારી ધુળ હોય છે એ ન્યાયે એના બેત્રણ મળતીયાઓ એને 'બેકારીના આનંદ' ખાતર મદદ કરતા. હવે, આ ભાઈને એક દિવસ 'વિચાર' આવ્યો કે હું આ વખતના દેખાવોને 'ઈનોવેટીવ' કરું. એ એના મિત્રોની મદદથી એક ગધેડાને લઈ આવ્યો. આમાં સગવડ એ હતી કે ગધેડાને સમજાવવાનું નહોતું કે એ કોના વિરુધ્ધ અને શા માટે આ આંદોલન કરી રહ્યો છે. પછી આ ગધેડાના ગળા પર એક પાટિયું લટકાવ્યું, પાટિયું એટલા માટે કે એ આઈ-કાર્ડ કરતાં થોડું મોટું હતું. હવે, આ પાટિયા પર પેલા અધિકારીનું નામ લખ્યું અને ગધેડાના ગળે લટકાવ્યું. બીજા દિવસે કૌતુક થયું, લોકો વાંચવા લાગ્યા, ગધેડાના ગળે લખ્યું હતું, 'હું ક્ષ-ભાઈ કે ક્ષ-કુમાર છું'. લોકો ભેગા થવા લાગ્યા એના લીધે આંદોલનજીવીને અને આંદોલનને માનવેતર મદદની વાત થવા લાગી.

મઝા તો ત્યારે આવી બીજા દિવસે ગધેડાઓનું એક પ્રતિનિધિમંડળ અમને મળવા આવ્યું. જેમાં ગધેડાઓના આગેવાનોએ અમને જણાવ્યું કે, 'સાહેબ, આ આંદોલનકારીઓને જણાવી દો અમારી સરખામણી ગમે તેની સાથે ના કરે..' વાતમાં દમ હતો અને છે.

આ વાત હવે પાછી વકરી છે. ગધેડાઓની સંખ્યા ઘટી જશે તો ભારે અનર્થ સર્જાશે. ઘણી બધી વાર્તાઓમાં આવતા ગધેડાઓ જો બાળકોને બતાવવા હશે તો મળી નહીં આવે. જો કે વિનુકાકા કહે છે કે હવે 'અંગ્રેજી માધ્યમ (મીડિયમ)માં બનતા બાળકોની મમ્મીઓને હવે 'સ્પેરોની સ્ટોરી' કહેવાની હોય છે, અને ટાયર્ડ બાબાને હોમવર્ક કરાવવાનું હોય છે. બીજું આવા બાળકોને રીડવામાં મદદ કરતી મમ્મીઓ એમને ત્યારબાદ કાર્ટુન-શૉના ખીલે બાંધી દેતી હોવાથી ધુળમાં રમવા જવાનો પ્રસંગ આવતો નથી. બાળકોને ધુળમાં રમવાનો પ્રસંગ ના આવતો હોવાથી ગધેડાની ઘટતી સંખ્યાની અવળી અસરો ટાળી શકાશે. કારણ મમ્મીઓ હવે, 'ગધેડાની માફક શું ધુળમાં રમ્યા કરે છે.. એવું નહીં કહે ! ' ઘણી વખત કુદરતમાં થતા ફેરફાર આવા દુરગામી સામાજિક વલણોને પૂરક થતા હોય છે.

અમારા એક અત્યંત બૌધ્ધિક પ્રકારના કૃષિતજજ્ઞે અમારા જ્ઞાનમાં વધારો કર્યો.એણે કહ્યું, 'સર, એક્ચ્યુઅલી, આપણી પ્રજામાં બીટા-કેરોટીન (જેમાંથી અઢળક વિટામીન-એ મળે છે) ઓછું જોવા મળે છે. આ બીટા-કેરોટીન પુષ્કળ પ્રમાણમાં ગાજરમાંથી મળી આવે છે. અને મોટા ભાગના ગાજરનો ઉપયોગ ગધેડાઓને છેતરવામાં થતો હોવાથી મનુષ્યના પોષણ માટે ગાજર ઉપલબ્ધ નહોતા, પણ હવે ગધેડાઓની સંખ્યા ઘટી છે તો ગાજર ઉપલબ્ધ થતાં આપણી કુપોષણની સમસ્યા પણ હળવી થશે.' મને અચાનક જ ગૌરવ થવા લાગ્યું આપણા લોકો કેટલું લાંબુ વિચારી શકે છે.

એક ખુબ જ રસપ્રદ અવતરણ લેખિકા લપુઝ્કા સ્વેતાનોવાનું (ljupka cvetanova) છે, એણે લખ્યું છે કે 'એક ગધેડાને કોઈએ કહ્યું કે આ પુસ્તકમાં ખુબ ડહાપણ ભર્યું છે તો એ ગધેડો એ પુસ્તક ખાઈ ગયો..' અમે તો ડઘાઈ ગયા કારણ અમે એવા ઘણા વિદ્વાનોને જાણીએ છીએ એ આખાને આખા પુસ્તકો ખાઈ ગયા હોય છે. જો કે મને આશ્ચર્ય એ વાતનું નથી કે ગધેડો પુસ્તક ખાઈ ગયો, પણ આશ્ચર્ય અને આનંદ એ વાતનો છે કે માણસજાત જોડેના સહવાસથી ગધેડાને પણ ખબર પડવા માંડી છે કે પુસ્તકમાં ડહાપણ હોય છે ! વિનુકાકાએ આમાંથી અનેક પ્રશ્નો ઉભા કર્યા છે.. જો ગધેડાઓ પુસ્તક વિશેના આવા રહસ્યો જાણી જશે તો પુસ્તકાલયોનું શું થશે ?

જો કે એક 'બાંકડાવીરે' મને કહ્યું, 'બૉસ ! ચિંતા ના કરો, ગધેડાઓની વસ્તી ઘટી રહી છે.. '

વિનુકાકાને પ્રોફેસર સનસનાટીએ પુછ્યું, 'કાકા, આતો મુંઝાઈ જવાય એવું છે, આ ગધેડાઓની ઘટતી અંગે એક સેમિનાર કરીએ તો ! કારણ ઉત્ક્રાંતિના આ તબક્કે બહુ-આયામી પ્રશ્નો ઉદભવી શકે એમ છે....

વિનુકાકાએ ઉંધું ઘાલીને ગર્દભ-શૈલીમાં જવાબ આપ્યો, 'હમજ્યા ! મારા ભૈ.. !!!'

હાય ગરમી.... ઓય હોય ગરમી !!!!



હિમાચલ પ્રદેશમાં લાહોલ-સિસુ નામે એક પ્રદેશ છે જે જનરલી ઉનાળામાં હવા ખાવાના સ્થળ તરીકે જાણીતું છે અથવા એમ કહો ને કે આ પ્રદેશ આ સમયમાં ઓલમોસ્ટ ઠંડો હોય છે કેમ કે ઉનાળામાં અને ખાસ કરીને માર્ચ મહિનામાં આ એરિયાનું લઘુતમ તાપમાન માઈનસ ડિગ્રીમાં હોય છે. તમને જાણીને નવાઈ લાગશે કે માર્ચ ૨૦૨૨ માં આ લાહોલ ઘાટીનો તાપમાનનો પારો ૨૦ ડિગ્રી એ પહોંચી ગયેલો. ત્યાંનાં લોકો માટે પણ આ એક અજબ ઘટના હતી. એટલું જ નહીં પણ પહેલીવાર આ વર્ષે ન્યૂનતમ તાપમાન પણ માઈનસમાંથી પ્લસ ૨ સુધી પહોંચી ગયેલું. જો કે સ્થાનિકો ગરમીના આ ચડી ગયેલા પારા માટે અટલ ટનલના નિર્માણને દોષ આપે છે. એમનું કહેવું છે કે આને લીધે વાહનોની અવરજવર વધી ગઈ છે અને એની અસર તાપમાન અને આબોહવા પર પડી છે. પહેલા શું હતું કે ઠંડીના – બરફના છ મહિના તો વાહનવ્યવહાર લગભગ બંધ જ રહેતો પણ અટલ ટનલને લીધે વાહનોની આવજા વધી ગઈ છે. ઘાટીમાં આમપણ વૃક્ષો ઓછા છે અને વાહનોમાંથી નીકળતા કાર્બનને શોષી શકે એવી કુદરતી વ્યવસ્થાની કમી છે. લોકો પણ આનાથી પરેશાન છે. પહેલા તો માર્ચમાં ખેતરોમાં બરફ છવાઈ રહેતો કે જેને હટાવીને ખેતી કરવી પડતી જ્યારે અત્યારે બરફ ઓછો દેખાય છે. લોકોનું માનવું છે કે ગરમીને લીધે સિંચાઈ અને પીવાના પાણીની સમસ્યા સર્જાય શકે છે જેની સીધી અસર માણસોની સાથે સાથે ખેતી પર અને પાકો પર પણ પડી શકે છે.

જો કે દુનિયાભરમાં વધતું જતું કાર્બનનું ઉત્સર્જન આમ પણ તાપમાનમાં ઉછાળા માટે જવાબદાર છે જ એવામાં લાહોલનો આ એક દાખલો એ જાણવા માટે કાફી છે કે ૨૦૨૨ મા ઉનાળો કાળો કેર વરતાવા તૈયાર બેઠા છે અને એની સાબિતી દેશના ઘણા ભાગોમાં હજુ તો એપ્રિલની શરૂઆત પહેલાથી કે મે મહિનાના આગમનથી પહેલા જ ચડતો જતો ગરમીનો પારો છે. શુક્રવારે આ લખાય છે

તેના એક-બે દિવસ પહેલા જ દેશના અનેકો ભાગમાં તાપમાન સામાન્યથી વધુ નોંધાયું છે. તાજેતરમાં જ સમાચાર આવેલા કે લાહોલની જેમ જ ઉતરાખંડ , કાશ્મીરમાં તો તાપમાન એટલું વધી ગયું છે કે જેને લીધે જંગલોમાં આગ લાગવાની શક્યતાઓ વધી ગઈ છે તો ખેડૂતોને સફરજન જેવા પાકોના નુક્શાનની ચિંતા થવા માંડી છે. મેદાની પ્રદેશોમાં જો તાપમાન ૪૦ ડિગ્રીથી વધે તો અને પહાડી પ્રદેશોમાં ૩૦ ડિગ્રીથી વધે તો મોસમ વિજ્ઞાન અનુસાર એને લુ ગણી શકાય. જો કે ગરમીની સાથે સાથે એક આશ્ચર્યજનક વાત એ પણ છે કે આ હિમાલયી પ્રદેશોમાં તાપમાન તો માર્ચના મધ્યથી જ વધવા મંડેલું પણ માર્ચમાં ચોમાસા પહેલાંનો વરસાદ આ પ્રદેશોમાં થાય છે જે આ વખતે સામાન્યથી લગભગ ૯૫% ઓછો થયો છે એટલે એમ સમજો ને કે બિલકુલ નહિવત. પ્રી -મોન્સુન વરસાદ ના હોવાને લીધે પહાડો આ વખતે પ્લેઝન્ટ લાગવાને બદલે શુષ્ક લાગી રહ્યા છે.

આટલી ભયાનક અને મોસમ સીવાય પડતી ગરમીને લીધે મોસમ વિભાગને ગરમીના પાપે ગ્લેશિયરો પિગળવાની બીક લાગે છે અને જો આવું થાય તો પહાડી પ્રદેશોમાં ફરી એકવાર ચમોલી જેવી ભયાનક દુર્ઘટના બની શકે છે. આ વર્ષે માર્ચમાં જ મે મહિના જેવી ગરમી પડવાની શરૂઆત થઈ ચૂકી છે. આપણાં ગુજરાતનો જ દાખલો લઈ લો તો હમણાં બે દિવસ પહેલા અમદાવાદનું તાપમાન ૪૦ ડિગ્રી ઉપર નોંધાયેલું એટલું જ નહીં પણ બનાસકાંઠા ,રાજકોટ , પોરબંદર જેવા શહેરોમાં ઓલરેડી હિટવેવ ની આગાહી થઈ ચૂકી છે. અને આમ પણ હિટવેવ ની આગાહી કરે કે ના કરે તાપ જ એટલો પાડવા લાગ્યો છે કે બપોર વચ્ચે તો લીટરલી ચામડી બળવા લાગે. માર્ચમાં જ ઓલરેડી આપણે એલો અને ઓરેન્જ એલર્ટ નો લાભ લઈ લીધો છે એવામાં એપ્રિલમાં એનાથી પણ આકરી ગરમી પડવાની આગાહીઓ થઈ ચૂકી છે. આ વાંચતાં હશો ત્યારે સતત પાંચ દિવસ હિટવેવની આગાહી શરૂ હશે. ગુજરાતમાં ઓલરેડી મહતમ તાપમાન ૪૦ પાર થઈ ગયું છે એવામાં એપ્રિલના મધ્યમાં કે એપ્રિલના અંત સુધીમાં આ તાપમાન ૪૩-૪૫ સુધી પણ જઈ શકે છે એવી ભીતી સેવાઈ રહી છે. હવામાન વિભાગે કરેલી આગાહી મુજબ લગભગ ૧ એપ્રિલથી રાજ્યમાં તાપમાનનો પારે ૨થી ૩ ડિગ્રી વધતા ૪૨ ડિગ્રીને પાર પહોંચી જાય તેવી શક્યતા છે.

દેશના અનેક ભાગોમાં અતિશય ગરમી પડવાની શરૂઆત ક્યારની થઈ ચૂકી છે એવામાં વિશ્વ મોસમ સંગઠન તો કહી જ ચૂક્યું છે કે આ વર્ષે ગરમી ગયા વર્ષનો રેકોર્ડ તોડશે..!!! અને એની સાબિતીરૂપે રાજસ્થાન જેવા પ્રદેશમાં તો માર્ચની શરૂઆતમાં જ તાપમાન ૪૦ ની પાર થઈ ચૂકેલું. આગ્રામાં તો ગરમી એ માર્ચમાં જ ૧૩૦ વર્ષનો રેકોર્ડ તોડી નાખ્યો. કારણ ? મોસમ ના જાણકારો આને એન્ટિ સાયક્લોન સાથે જોડે છે. એમનું કહેવું છે કે માર્ચમાં હવાના ઉપલા હિસ્સામાં બદલાવ આવે છે જેથી હવા ઝડપથી નીચે ધકેલાઈ છે જેમાં ગરમ હવા પણ હોય છે જેણે લીધે ગરમી વધે છે પણ આવું મેદાની પ્રદેશોમાં વધુ થાય છે અને ગરમીની અસર પણ આવા પ્રદેશોમાં જ વધુ થતી હોય છે પણ આ વખતે સમુદ્રી પ્રદેશોમાં પણ આ જ હાલ છે જે જરા નવાઈ પમાડે એવો છે. વર્લ્ડ મેટ્રોલોજીકલ ઓર્ગેનાઈઝેશન નું માનવું છે કે આ વર્ષે તાપમાનમાં લગભગ ૧.૧ ડિગ્રીનો વધારો થશે તો મોસમ વૈજ્ઞાનિકોનું માનવું છે કે જનરલી દક્ષિણમાંથી મે મહિનામાં આવતી ગરમ હવાનું ટાઈમિંગ બદલી ગયું છે અને હવે આ હવાઓ મે મહિનાને બદલે માર્ચમાં જ આવી પહોંચી છે. આગળ તાપમાનમાં ૧ ડિગ્રીના વધારાનું વાંચીને તમને એમ થશે કે ૧ ડિગ્રીમાં શું થઈ જવાનું છે ? પણ હકીકત એ છે કે આ એક ડિગ્રીનો વધારો પણ આપણાં શરીર પર આકરી અસર છોડી જતો હોય છે. દિલ્હી અને ઉત્તરપ્રદેશમાં તાપમાનમાં ૧-૩ ડિગ્રીના નજીવા વધારા સાથે જ લોકોમાં પેટના રોગોમાં ઉછાળો નોંધાયો તો સાથે સાથે ગરમી લાગવાને લીધે બેભાન કે મૃત્યુ પામનાર લોકોની સંખ્યા પણ વધી. જો કે હવામાન વિભાગ નું માનવું એ પણ છે કે વેસ્ટર્ન ડીસ્ટર્બન્સનો ઉત્તર બાજુનો વધુ ઝુકાવ તથા પશ્ચિમી રાજસ્થાનમાં એન્ટી-સાયક્લોનિક સરક્યુલેશનથી તાપમાન વધી ગયું હતું.

ગરમીની આકરી આગાહીઓ વચ્ચે બીજા એક ખરાબ સમાચાર એ પણ છે કે આ વર્ષે દેશમાં ચોમાસું સામાન્ય રહેવાનું છે. મતલબ કે ગરમીથી માંડ માંડ જો બચશો તો પણ વરસાદની ઠંડક ઓછી મળવાની છે આવામાં પાણીની તંગી અને એને લીધે સૂકા હવામાન જેવા કારણો અને ઉપરથી વાતાવરણમાં વગર વિચાર્યે કરાતો કાર્બનનો ઉમેરો આવનારો ઉનાળો પણ કાળઝાળ જ બનાવશે એ નક્કી છે આમ પણ જળવાયુ પરિવર્તનનો વૈશ્વિક અહેવાલ એ જણાવી જ ચૂક્યું છે કે ૨૦૩૦ સુધીમાં વિશ્વનું સરેરાશ તાપમાન ૫ ડિગ્રી સુધી વધી શકે છે જળવાયુ ખતરા માટેની યુનો ની પેનલે પણ જણાવ્યું છે કે જો કાર્બન ઉત્સર્જનને રોકવા વિષે આપણે ગંભીર નહીં બનીએ તો નજીકના વર્ષોમાં જ ગરમી અને બાફ માણસની સહનશક્તિથી વધુ થઈ જવાના. રિપોર્ટ મુજબ એક વ્યકિત માટે ૩૧ ડિગ્રી વેટ બલ્બ તાપમાન અત્યંત ખતરનાક છે અને જો આ આંકડો ૩૫ ડિગ્રી થઈ જાય તો છાયામાં આરામ કરતો કોઈપણ સ્વસ્થ માણસ ૬ કલાકથી વધુ જીવતો રહી શકે નહીં. વેટ બલ્બ મતલબ ગરમી અને બાફ ને નજરમાં લઈને કરાતી તાપમાન ની ગણતરી. આપણે ત્યાં આ વેટ બલ્બ તાપમાન ૨૫ થી ૩૦ ડિગ્રી રહે છે જે ક્યારેક જ ૩૧ આસપાસ હોય છે પણ જો વાતાવરણમાં ભળતા કાર્બનને નાથવાનો કોઈ ઉપાય કે એના પર જલદી પગલાં નહીં લેવાય તો વેટ બલ્બને ૩૫ ના આંકડાને અડતા વાર નહીં લાગે.

- akurjt@gmail.com